કેસ રજુ તારીખ : ૨૦/૦૪/૨૦૨૩
કેસ દાખલ તારીખ : ૨૦/૦૪/૨૦૨૩
કેસ ફેસલ તારીખ : ૨૮/૦૩/૨૦૨૫

| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | | | |

**મે.૨૦માં એડીશનલ ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નં.૧૫, મુ. અમદાવાદ શહેર .**

**ક્રિ.કેસ નં.૩૩૩૬૫/૨૦૨૩**

**આંક–**

**ફરિયાદી: શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપીઓ:– અનુજ અશોકભાઈ સોલંકી**
રહે.મ.નં.૧૩ હિંદી સમાજ સોસાયટી,
રીલાયન્સ પેટ્રોલ પંપની બાજુમાં, મીરા ચાર રસ્તા,
મણીનગર, અમદાવાદ.

**ગુનો: ધી ઈ.પી.કો.કલમ ૩૨૩, ૨૯૪(ખ) તથા**
**જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ...**

**ફરિયાદપક્ષે એ.પી.પી.શ્રી પી.આર.જોષી**
**આરોપીઓ તરફે વિ.વ.શ્રી એસ.આર.નાયક**

**<u>ઠ રા વ</u>**

(૧) હાલના કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૧/૦૩/૨૦૨૩ ના રોજ સાંજના સાડા છએક

વાગ્યાના સુમારે ફરીયાદીશ્રીના ઘર આગળ કોઈપણ કારણ વિના ફરીયાદીનાઓ સાથે બોલાચાલી ઝઘડો તકરાર કરવા લાગેલ અને મનફાવે તેમ ગંદી ગાળો બોલવા લાગેલ જેથી ફરીયાદીશ્રીનાઓએ તેમ નહી કરવાનું જણાવતા આરોપીનાઓ ફરીયાદીશ્રી ઉપર ઉશ્કેરાઈ ગયેલ અને તેને પહેરેલ પ્લાસ્ટીકનો પટ્ટો કાઢી ફરીયાદીના શરીરે માર મારી , ગુનો કર્યા વિગેરે બાબતની ફરિયાદ ફરિયાદીશ્રીએ મણીનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવતા ત.ક. અમલદારે ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૨૨૩૦૧૩૮/૨૦૨૩ થી ફરીયાદ નોંધી તપાસ કરી, તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતાં, ધી.ઈ.પી.કો. કલમ ૩૨૩, ૨૯૪(ખ) તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ.

(૨) આ કામે ચાર્જશીટ આવ્યા બાદ નામદાર કોર્ટ તરફથી આરોપી વિરૂધ્ધ સમન્સ કાઢવામાં આવતા આરોપીને સમન્સ બજતા આરોપી નામદાર કોર્ટમાં હાજર થયેલ છે. આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલ ક્રિ.પ્રો. કોડની કલમ ૨૦૭ અન્વયે વિનામુલ્યે પુરી પાડયાની ખાતરી કર્યા આંક–૩ થી આરોપી વિરૂધ્ધ તહોમતનામું ફરમાવી, આંક–૪ થી આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ હાલનો ગુનો કબુલ ન હોવાનું જણાવતા સદરહુ કામ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ છે.

(૩) ફરિયાદપક્ષે નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો :</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી નવીનચંન્દ્ર મફતલાલ સોલંકીનાઓની જુબાની | ૫ |

**<u>દસ્તાવેજી પુરાવો :</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૬ |
| ૨ | પંચનામું | ૭ |
| ૩ | કલોઝીંગ પુરસીસ | ૯ |

(૪) ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાના ધ્યાને લેતાં, આરોપીનું ક્રિ.પ્રો.કોડ કલમ-૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) ત્યારબાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની દલીલો સાંભળી. જેમાં સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રી જણાવે છે કે, આ કામે આરોપી સામેનો કેસ ફરિયાદપક્ષે રજુ પુરાવાથી પુરવાર કરેલ હોય આરોપીને કાયદામાં ઠરાવેલ સજા કરવા અરજ કરેલ છે. જયારે આરોપી તરફેના વિ.વ.શ્રીએ દલીલો કરતા જણાવેલ છે કે, આ કામે ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ નિશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય આરોપીને તેનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૬) ફરીયાદપક્ષે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**-:મુદ્દા:-**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૧/૦૩/૨૦૨૩ ના રોજ સાંજના સાડા છએક વાગ્યાના સુમારે ફરીયાદીશ્રીના ઘર આગળ કોઈપણ કારણ વિના ફરીયાદીનાઓ સાથે બોલાચાલી ઝઘડો તકરાર કરવા લાગેલ અને મનફાવે તેમ ગંદી ગાળો બોલવા લાગેલ જેથી ફરીયાદીશ્રીનાઓએ તેમ નહી કરવાનું જણાવતા આરોપીનાઓ ફરીયાદીશ્રી ઉપર ઉશ્કેરાઈ ગયેલ અને તેને પહેરેલ પ્લાસ્ટીકનો

પટ્ટો કાઢી ફરીયાદીના શરીરે માર મારી , ઘી.ઈ.પી.કો. કલમ ૩૨૩, ૨૯૪(ખ) તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દા અંગેના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ : નકારમાં

મુદ્દા નં.૨ : આખરી હુકમ મુજબ.

**<u>–:: કા ર ણો ::–</u>**

**<u>મુદ્દા નં.૧:–</u>**

(૮) આ કામે ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે **આંક–૫ થી ફરીયાદી નવીનચંન્દ્ર મફતલાલ સોલંકી**નાઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજથી આશરે બે વર્ષ અગાઉ બનેલ, આ કામના આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી, તે સિવાય બીજુ કાંઈ બનેલ નથી, બનાવ વખતે આરોપીએ કોઈ હથીયારથી ઈજા કરેલ નથી. બોલાચાલી થતા ફરીયાદીએ ફરીયાદ આપેલી. આંક–૬ ની ફરીયાદમાં તેમની સહી છે જે ઓળખી બતાવે છે. આ કેસ હવે તેમને આગળ ચલાવવો નથી. સદરહુ ફરીયાદી ફરિયાદની હકીકતને સમર્થન કરતા ન હોઈ, ફરિયાદપક્ષે વિ.એપીપીશ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી, તેઓની સુચકપ્રશ્નો પુછી વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ હોવા છતાં તેઓએ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારક પુરાવો આપેલ નથી.

**<u>પુરાવાનું મુલ્યાંકન અને નિષ્કર્ષ</u>** :–

(૦૯) પુરાવાનું મૂલ્યાંકન શબ્દ ભારતીય પુરાવા ધારામાં કોઈપણ

જગ્યાએ વ્યાખ્યાયિત કરવામાં આવેલ નથી. પુરાવાનું મૂલ્યાંકન ફકત અને ફકત ભારતીય પુરાવા ધારા કલમ–૩ માં દર્શાવેલ "PROVED" અને "NOT PROVED" શબ્દો ઉપર અવલંબે છે. એ માટે કોઈપણ ચોકકસ નિયમ નથી. કારણ કે, પુરાવાનું મૂલ્યાંકન ભાવાત્મક પ્રક્રિયા છે અને એ રીતે પુરાવાનું મૂલ્યાંકન વૈવાહરિક રીતે પ્રચલિત છે. કોઈ હકીકતનું અસ્તિત્વ કે બિન અસ્તિત્વ સાબિત માનવું તે મૂલ્યાંકનનો વિષય છે. આ પૂર્વ ભૂમિકા સંબંધે ફરિયાદ પક્ષે રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકન રજૂ કરી પ્રયાપ્ત પક્ષે આરોપી સામેની તહોમત નિ:શંક પણે પુરવાર કરી શકેલ છે કે કેમ તે અંગે નિર્ણય કરવાનો રહે છે.

(૧૦) આ કામે ફરિયાદપક્ષનો પુરાવો સમગ્રપણે ધ્યાને લેતાં, આ કામે આંક–૫ થી તપાસેલ ફરિયાદીશ્રી સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે આ કામના આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી અને ફરી ગયેલા જાહેર થયેલ છે. આમ, આંક–૬ ની ફરિયાદ હકીકતને ખુદ ફરિયાદીની જુબાની થકી સમર્થન મળતું નથી. વધુમાં ફરીયાદપક્ષે આંક–૭ થી પંચનામું રજુ કરેલ છે પરંતુ સદર પંચનામાને પુરવાર કરવા સારૂ કોઈ પંચ સાહેદો તપાસવામાં આવેલા નથી. ફરિયાદપક્ષે આ સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી અને કલોઝીંગ પુરસીસ આપી પુરાવો પુર્ણ થયેલાનું જાહેર કરેલ છે. આ કામે ફોજદારી કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફરિયાદ પક્ષે આરોપીઓ વિરૂધ્ધ પોતાનો કેસ નિ:શંક પણે પુરવાર કરવો જોઈએ અને કેસમાં રજુ થયેલ દરેક પુરાવા અને સંજોગોની કડી એકબીજા સાથે મળી પુરાવાની સંપૂર્ણ સાંકળ પુરવાર થવી જોઈએ. **ઓથોરીટી ૨૦૦૭ (૨) જી.એલ.એચ. ૨૧૬ના પ્રસ્થાપિત સિધ્ધાંત** મુજબ ફરિયાદ પક્ષે તેમનો કેસ તમામ વ્યાજબી શંકાઓથી પર સાબિત કરવાનો રહે છે. આમ, ફરિયાદ પક્ષના રજુ પુરાવાથી આ કામના આરોપીઓ વિરૂધ્ધ ધી.ઈ.પી.કો. કલમ ધી.ઈ.પી.કો.કલમ **૩૨૩, ૨૯૪(ખ) તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧)** મુજબના ગુન્હાના આવશ્યક તત્વો નિ:શંકપણે પુરવાર થતા ન હોય, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## –:આખરી હુકમ :–

આ કામના **આરોપી : અનુજ અશોકભાઈ સોલંકી** રહે.મ.નં.૧૩ હિંદી સમાજ સોસાયટી,રીલાયન્સ પેટ્રોલ પંપની બાજુમાં, મીરા ચાર રસ્તા, મણીનગર, અમદાવાદનાઓને ક્રિ. પ્રો. કોડ ની કલમ– ૨૪૮(૧) અન્વયે **ઇ.પી.કો.કલમ ૩૨૩, ૨૯૪(ખ) તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧)** મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવું છું

આરોપીના ટ્રાયલ સમયના જામીન તથા જાતમુચરકા રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ સંભવિત અપીલ થવાના કિસ્સામાં હાજર રહેવા સારૂ રૂા. ૫૦૦૦/– ના સધ્ધર જામીન તથા જાતમુચરકા રજુ કરેલ છે, જે આ હુકમ તારીખથી છ માસ સુધી અમલમાં રાખવાનો હુકમ કરવામાં આવે છે.

નોન વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૮/૦૩/૨૦૨૫
મુ.અમદાવાદ.

(શકિતસિંહ ઘનશ્યામભાઈ ચાંચુ)
૨૦માં એડી.ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ,
અમદાવાદ સીટી.
**GJ00885**